eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 84**
**January 5, 2006**

## "નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત, ૨૦૦૭"



રાજય સરકાર ધ્વારા સને–૨૦૦૭ના વર્ષને "નિર્મળ ગુજરાત–૨૦૦૭" તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. સ્વચ્છતાના આ મહાયજ્ઞના પ્રારંભમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૦–૧૨–૨૦૦૬નાં રોજ સુરત શહેરમાં આવેલ રાષ્ટ્રના અગ્રણી વિભૂતીઓની પ્રતિમાની સાફ સફાઈ કરી તેમજ પ્રતિમાને સુતરની આંટી પહેરાવવાનો કાર્યક્રમ તથા ત્યારબાદ સંકલ્પપત્રનું વાંચન કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ. વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તીને ધ્યાનમાં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખૂબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની અને કાચ બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની જકાતમાં ૪૦૧ કરોડની વિક્રમ સર્જક વસુલાત

સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક શહેર તરીકેની ગણના પામનારા સુરત શહેરના વિકાસ પાછળ સુરત મહાનગરપાલિકાની કરોડો રૂપિયાની જકાતની આવક મુખ્ય છે. મહાનગરપાલિકાની આવકના મુખ્ય સ્ત્રોત સમાન જકાતની આવકમાં છેલ્લા ૧૫ વર્ષથી જકાતની આવકનો આંક વધતો જ રહયો છે, અને વર્ષ ૨૦૦૬માં જકાતની આવકે વધુ એક વિક્રમ નોંધાવ્યો છે. વર્ષ ૨૦૦૬ મહાનગરપાલિકા માટે જકાતના જુના વિક્રમો તોડીને નવા અનેક વિક્રમો સર્જનારૂં બની રહયું છે.

વધુ માટે કલીક કરો >>>>>>

**તા. ૭–૧–૨૦૦૭ના રોજ**
**આપના ૫ વર્ષ સુધીના**
**તમામ બાળકોને પોલીયોની રસી અવશ્ય પીવડાવશો.**



## " નિર્મળ ગુજરાત, નિર્મળ સુરત, ૨૦૦૭ "

રાજય સરકાર ધ્વારા સને–૨૦૦૭ના વર્ષને "નિર્મળ ગુજરાત–૨૦૦૭" તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. સ્વચ્છતાના આ મહાયજ્ઞના પ્રારંભમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૦–૧૨–૨૦૦૬નાં રોજ સુરત શહેરમાં આવેલ રાષ્ટ્રના અગ્રણી વિભૂતીઓની પ્રતિમાની સાફ સફાઈ કરી તેમજ પ્રતિમાને સુતરની આંટી પહેરાવવાનો કાર્યક્રમ તથા ત્યારબાદ સંકલ્પપત્રનું વાંચન કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સવારે ૮.૦૦ કલાકે ચોક ખાતે આવેલ મહાત્મા ગાંધીજીની પ્રતિમાની સાફ સફાઈ કરી સુતરની આંટી અર્પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મા. પ્રભારી મંત્રી શ્રીનરોત્તમભાઈ પટેલ, શ્રી અનંત દવે, ધારાસભ્યશ્રી ધીરુભાઈ ગજેરા, મા. મેયર ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, મા. કમિશ્નરશ્રી પંકજ જોષી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારી તેમજ કર્મચારી ગણ, ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ તથા વિશાળ સંખ્યામાં જનસમુદાય આ પ્રસંગે ઉપસ્થિત રહયા. શાળાના વિદ્યાર્થીઓએ પૂ. મહાત્મા ગાંધીજીના વિવિધ પ્રસંગોની રસમય રજૂઆત કરી હતી, ત્યાર બાદ નિર્મળ ગુજરાત અંગેનો સંકલ્પપત્રનું સામુહીક વાંચન કરવામાં આવેલ.

સવારે ૮.૩૦ કલાકે મકકાઈપુલ ખાતે આવેલ સ્વામી વિવેકાનંદ પ્રતિમાની સાફ સફાઈ કરી વિવિધ મહાનુભાવોએ સુતરની આંટી અપર્ણ કરી હતી. આ પ્રસંગે "સંકલ્પ પત્ર" નું વાંચન મા. પ્રભારી મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે કરાવ્યું હતું. ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળા નં. ૨૦ની વિદ્યાર્થીનીઓએ સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગોની રસમય રજુઆત કરી હતી.

સવારે ૯.૦૦ કલાકે માનદરવાજા રીંગરોડ ખાતે આવેલ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાની વિવિધ મહાનુભાવોએ સાફ સફાઈ કરી સુતરની આંટી અપર્ણ કરી હતી. આ પ્રસંગે "સંકલ્પ પત્ર" નું વાંચન ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલે કરાવ્યું હતું. ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓએ ડો.બાબા સાહેબ આંબેડકરના જીવન પ્રસંગોની રસમય રજુઆત કરી હતી.

સવારે ૯.૩૦ કલાકે સહારા દરવાજા રીંગરોડ ખાતે આવેલ છત્રપતિ શીવાજી મહારાજની પ્રતિમાની વિવિધ મહાનુભાવોએ સાફ સફાઈ કરી સુતરની આંટી અપર્ણ કરી હતી. આ પ્રસંગે "સંકલ્પ પત્ર" નું વાંચન ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલે કરાવ્યું હતું.

સવારે ૧૦.૦૦ કલાકે રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની વિવિધ મહાનુભાવોએ સાફ સફાઈ કરી સુતરની આંટી અપર્ણ કરી હતી. આ પ્રસંગે "સંકલ્પ પત્ર" નું

વાંચન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ અસ્મિતાબેન શીરોયાએ કરાવ્યું હતું. ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓએ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પ્રસંગોની રસમય રજુઆત કરી હતી.

સેન્ટ્રલ ઝોન ખાતે કવિનર્મદ પ્રતિમા, ડો.બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, મહારાણાપ્રતાપની પ્રતિમાઓને, વેસ્ટ ઝોન ખાતે મોરારજી દેસાઈ, જગદીશચંદ્ર બોઝ,સુભાષચંદ્ર



બોઝ, ઈસ્ટ ઝોન ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ, ઝવેરચંદ મેઘાણી, મહારાણા પ્રતાપ,સાઉથ વેસ્ટ ઝોન ખાતે પંડિત ઓમકારનાથ, અગ્રસેન મહારાજ, સ્વામી વિવેકાનંદ, મોરારજી દેસાઈ, નોર્થ ઝોન ખનાતે મહાત્મા ગાંધીજી, સાઉથ ઝોન ખાતે, ડો.બાબા સાહેબ આંબેડકર, સાઉથ–ઈસ્ટ ઝોન ખાતે ડો.બાબા સાહેબ આંબેડકર વગેરે રાષ્ટ્રીય વિભૂતિઓની પ્રતિમાઓની સાફ સફાઈ કરાવી સુતરની આંટી અપર્ણ કરી સંકલ્પપત્રનું વાંચન કરવામાં આવેલ. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના સદસ્યશ્રીઓ, ઝોનનાં અધિકારી/કર્મચારી ગણ તથા જાહેર જનતા વિશાળ સં ખ્યામાં ઉપસ્થિત રહી નિર્મળ ગુજરાતની સાથે સાથ શહેરને સ્વચ્છ રાખવા સંકલ્પ કરી અમલ કરવા આહવાન કરેલ.

પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં વરાછા રોડ પર મીની બજાર ખાતે આવેલ સરદાર વલ્લભભાઈની પ્રતિમાને જળાભિષેક કરી મ્યુ. સદસ્યશ્રીઓ અને સ્થાનિક આગેવાનો તરફથી સૂતરની આંટી પહેરાવવામાં આવી હતી. શાળાના બાળકોએ સરદાર વલ્લભભાઈના જીવન ચરિત્રની વિસ્તૃત જાણકારી આપી હતી. વરાછા રોડ પર આવેલ ઝવેરચંદ મેઘાણી ઉદ્યાનમાં આવેલ ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને પણ જળાભિષેક કરી. સ્વચ્છ કરી મ્યુ. સદસ્યશ્રીઓ તરફથી સૂતરની આંટી પહેરાવવામાં આવી હતી. શાળાના બાળકોએ આ વિભુતિના જીવનચરિત્ર વિષે પણ શોર્યશૈલીમાં રજુઆત કરી હતી. વળી આ બાળકોએ ઝવેરચંદ મેઘાણી રચિત શોર્યગીતોનું ગાન કરી રાષ્ટ્રીય ભાવના પ્રગટ કરી હતી. તેમજ મહારાણા પ્રતાપ ઉદ્યાનમાં આવેલ મહારાણા પ્રતાપની પ્રતિમાને જળાભિષેક કરી સ્વચ્છ કરી મ્યુ. સદસ્યશ્રીઓ તરફથી સૂતરની આંટી પહેરાવવામાં આવી હતી. તેમજ શાળાના બાળકોએ મહારાણા પ્રતાપની શોર્યગાથા સંભળાવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં વરાછાઝોન વિસ્તારના તમામ મ્યુ. સદસ્યોશ્રી, માજી સદસ્યોશ્રી, સ્થાનિક આગેવાનો તેમજ પૂર્વઝોન(વરાછા)નો સ્ટાફ ઉપસ્થિત રહી તમામે શહેરને નિર્મળ બનાવી નિર્મળ ગુજરાતનું નિર્માણ કરવા સંકલ્પ કરી '' જય જય ગરવી ગુજરાત ''ના નારા સાથે રાષ્ટ્રીય ભાવના પ્રગટ કરી હતી.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં અમરોલી ખાતે આવેલ મહાત્મા ગાંધીજીની પ્રતિમાની સાફ સફાઈ કરી, સૂતરની આંટીનો હાર પહેરાવી સન્માન કરવામાં આવેલ. સદર આયોજનમાં કતારગામ ઝોન વિસ્તારમાંથી ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, અમરોલી, કોસાડ અને છાપરાભાઠા વિસ્તારના માજી સરપંચશ્રી, સામાજીક કાર્યકર્તા/આગેવાનો, સુરત મહાનગરપાલિકાના ડે. કમિશ્નરશ્રી (પ. અને ઈ.), કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ સ્ટાફ હાજર રહેલ. સદર કાર્યક્રમ દરમ્યાન અમરોલી પ્રાથમિક શાળા તેમજ કતારગામ સુમન સ્કુલના વિદ્યાર્થીઓ તરફથી મહાત્મા ગાંધીજીના જીવનચરિત્ર વિશે પરિચય આપેલ, ત્યારબાદ હાજર રહેલ તમામે નિયત કરવામાં આવેલ '' સંકલ્પ–પત્ર '' મુજબ કામગીરી કરવા શપથ લીધા હતા.

TOP

# સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ. વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તીને ધ્યાનમાં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત શહેર પતંગ માટે ખૂબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની અને કાચ બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે. આ પ્રદર્શન તા. ૨–૧–૨૦૦૭ થી તા. ૨૧–૧–૨૦૦૭ સુધી જાહેર જનતા માટે સ. વ. પટેલ મ્યુઝિયમમાં પ્રદર્શન ખુલ્લું રહેશે તેમજ સોમવારે અને જાહેર રજાઓના દિવસે બંધ રહેશે. પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

TOP

## સુરત મહાનગરપાલિકાની જકાતમાં ૪૦૧ કરોડની વિક્રમ સર્જક વસુલાત

સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક શહેર તરીકેની ગણના પામનારા સુરત શહેરના વિકાસ પાછળ સુરત મહાનગરપાલિકાની કરોડો રૂપિયાની જકાતની આવક મુખ્ય છે. મહાનગરપાલિકાની આવકના મુખ્ય સ્ત્રોત સમાન જકાતની આવકમાં છેલ્લા ૧૫ વર્ષથી જકાતની આવકનો આંક વધતો જ રહયો છે, અને વર્ષ ૨૦૦૬માં જકાતની આવકે વધુ એક વિક્રમ નોંધાવ્યો છે. વર્ષ ૨૦૦૬ મહાનગરપાલિકા માટે જકાતના જુના વિક્રમો તોડીને નવા અનેક વિક્રમો સર્જનારૂં બની રહયું છે. જેમાં સુરત શહેરે ભયાનક રેલ હોનારતનો સામનો કર્યો હતો તો સામે ઐતિહાસિક હદ વિસ્તરણે જકાતની આવક વધારવામાં મદદ કરવાની સાથે સુરત શહેરને મેગાસિટીની દોડમાં પણ મુકી દીધું હતું.

ગત વર્ષની જકાતની આવક જોવામાં આવે તો જાન્યુઆરી માસમાં જકાતની આવક રૂપિયા ૩૬.૧૬ કરોડ નોંધાઈ હતી, જયારે ફેબ્રુઆરીમાં રૂપિયા ૩૬.૩૪ કરોડ, માર્ચ માસમાં રૂપિયા ૩૫.૫૪ કરોડ, એપ્રિલમાં ૩૪.૯૫ કરોડ, મે માં ૩૫.૯૭ કરોડ, જુનમાં ૩૬.૨૫ કરોડ, જુલાઈમાં ૩૬.૯૯ કરોડ જકાતની આવક સામે ઓગષ્ટમાં પુર હોનારતને કારણે જકાતની આવક ઘટીને રૂપિયા ૩૦.૧૭ કરોડ થઈ હતી. જોકે સપ્ટેમ્બર માસથી ફરી જકાતની આવકનો આંક રાબેતા મુજબનો થયો હતો.

જેમાં સપ્ટે. માસમાં રૂપિયા ૪૧.૦૨ કરોડ, ઓકટો.માં ૩૭.૯૧ કરોડ તેમજ નવે.માં જકાતની આવક ઐતિહાસિક રીતે રૂપિયા ૪૩.૫૭ કરોડની નોંધાઈ હતી. જકાતની આવકના આ વધારા પાછળ ૫મી. નવે.થી નવા જકાતનાકાઓની શરૂ કરવામાં આવેલી કામગીરી પણ જવાબદાર હતી અને ડિસેમ્બરની વધુ રૂપિયા ૪૭ કરોડની આવકે મહાનગરપાલિકાના ઉત્સાહમાં ભારે વધારો કર્યો છે.

જકાતના આ આંકડાઓ જોવામાં આવે તો કેલેન્ડર વર્ષ ૨૦૦૬માં જકાતની આવકનો આંક રૂપિયા ૪૦૪.૯૧ કરોડના આંકને વટાવી ગયો છે. જયારે નાણાકીય વર્ષ ૨૦૦૬–૦૭માં એટલે કે એપ્રિલ માસથી ડિસેમ્બર સુધીની જકાતની આવક ૩૪૩.૮૭ કરોડ નોંધાવા પામી છે. જે પણ એક નવો વિક્રમ છે. નાણાકીય વર્ષ ૨૦૦૬–૦૭ને પુરૂં થવામાં હજુ ત્રણ માસની વાર છે. સામે દરેક મહિને વધી રહેલી જકાત જોતા પાલિકા ધ્વારા નિર્ધારીત કરવામાં આવેલા રૂપિયા ૪૫૦ કરોડના જકાતની આવકના લક્ષ્યાંક કરતાં પણ ૨૫ કરોડ વધુ ૪૭૫ કરોડ સુધી પહોંચશે તે નિશ્ચિત માનવામાં આવી રહયું છે.

TOP

## તા. ૭–૧–૨૦૦૭ના રોજ

## આપના ૫ વર્ષ સુધીના

## તમામ બાળકોને પોલીયોની રસી અવશ્ય પીવડાવશો.